ગાંધીનગર સમાચાર





## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

વગર ખર્ચે પ્રચાર ઝૂંબેશ, સસ્તી થઈ ગઈ!
આ 'સ્ટ્રાઈક' ચૂંટણી જીતવાની કસ્તી થઈ ગઈ!
વસ્તી થઈ બેન્કમાં, મસ્તી-મજાક મળી દીનો ને -
પૂજી જે ધનતેરસે એ નોટો પસ્તી થઈ ગઈ!!

હાઈકુ

ટ્રમ્પ પણ છે,
અમેરિકી આવૃત્તિ -
આ નગાર્યીની...
(સાચા અનુયાસી...)
મોદી-પ્રશંસક)

થવાની જમા!
ગરીબોનાં ખાતામાં -
લ્યો! મોટી નોટો...
(વચન પાડ્યું!!)

### ચિંતન

**જિહ્વા આયત્તૌ વૃદ્ધિનાશૌ**

વિકાસ અને વિનાશ જીભને આધીન છે.

ઉપરોક્ત શ્લોક ચાણક્ય સૂત્રમાંથી લેવામાં આવેલ છે. મનુષ્યની જીભ જ એનો મિત્ર કે શત્રુ બને છે. તે જો મનુવચની હશે તો સમસ્ત સંસાર એનો મિત્ર બનશે. પરંતુ તે જો કુટવચની હશે તો સૌ એના દુશ્મન બનશે. આમ, વ્યક્તિનો વિકાસ કે વિનાશ એની જીભને આધીન છે.

'ચડે-પડે છે માનવી માત્ર જીભ થકી' - માણસનો સ્વભાવ એના સંસ્કાર ઘડતર અને જ્ઞાન-સમજ આધારિત છે. જ્ઞાન સત્સંગ ન હોય એવાં 'મન'માં ઘણી મોટી ગ્રંથિઓ બંધાયેલી હોય છે જે સ્વભાવગત છૂટતી નથી. એવી જ રીતે માનવીય વહેવાર અને વર્તનમાં 'હું' પણ અને 'ભાષા' - પણ ભાગ ભજવે છે દંભ-અભિમાની જીભ જાતે પોતાના અજ્ઞાન ને કારણે દરરોજ શત્રુઓ ઊભા કરે છે. નેતાઓના નિવેદન, સાસુ-વહુ-મિત્રોના ઉશ્કેરાટ ભર્યા સંવાદો આનું જ પરિણામ છે.

### સુવિચાર

- જેના મનમાં આત્મ સ્મૃતિનો અખંડ જાગતો પહેરો હોય તેને બીજો કોઈ ડર રહેતો નથી - **સચ્ચિદાનંદ**
- તમારા મનના વિચારોનું એક સરઘસ ચાલ્યુ જાય છે, એ સરઘસમાં જોડાયા વિના કે એનો વિરોધ કર્યા વિના માત્ર પ્રેક્ષકની જેમ જુઓ... મન આપોઆપ શાંત થવા લાગશે - **રોહિત શાહ**
- કેવળ રોગનો અભાવ એ જ આરોગ્ય નથી, પણ શારીરિક, માનસિક અને સામાજિક એમ બધી રીતની વ્યવસ્થા એ જ ખરું આરોગ્ય છે - **વિશ્વઆરોગ્ય સંસ્થા**
- વર્ષાના આગમન સમયે કોયલે મૌન સેવ્યું છે તે સારું છે કારણ કે જયાં દેડકાં વક્તા હોય ત્યાં મૌન જ શોભારૂપ છે - **સુભાષિત**
- શરીરને ટકવા માટે બહુ જ ઓછી ચીજોની જરુર હોય છે, જેમ જેમ તમે શરીરને ઓછું આપતા જશો તેમ તેમ એ તમને બદલામાં વધારેને વધારે આપશે - **કાંતિ ભટ્ટ**
- તમારે પાચનશક્તિ સારી કરવી હોય તો ઉદાર બનજો - **ધમ્મપદ**
- આજનું ઔષધ : મરીનું ચૂર્ણ ઘી સાથે મેળવી ચાટવાથી ઉધરસ મટે છે

**(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

વ્યક્તિનું હૃદય-પરિવર્તન કરવા માટે નિઃસ્વાર્થ પ્રેમ આપવો જરુરી છે જેવાની સાથે તેવા થવાની તિરાડ પહોળી થાય - પૂરાય નહીં.

બંગાળના હાજી મહંમદ મોહસીન પ્રખ્યાત વૈદ્ય હતા. દયાળુ અને પરોપકારી તો ખરા જ. પણ એમનાં સેવક આળશુ અને જુઠ્ઠા બોલો હતો. વૈદ્ય હાજી મહંમદ તેને સુધારવાના સતત પ્રયત્નમાં જ હતા.

એકવાર નોકર, હાજી પાસે આવ્યો અને દયામણે ચહેરે કહ્યું - મારે ગામ મારી નાની દીકરી બિમાર છે મારે પાંચ-સાત દિવસ માટે જવું પડશે! નોકરની અવાર-નવાર રજા લેવાની વૃત્તિથી મોહસની વાકેફ હતા. એટલે તેમને 'સત્ય'નો અણસાર તો આવી જ ગયો. છતાં વૈદ્ય બોલ્યા - ભાઈ, પાંચ-સાત દિવસ જ શા માટે જયાં સુધી તારી પુત્રી સાજી ન થાય ત્યા સુધી રોકાજે.

નોકર જવા લાગ્યો. ત્યાં હાજીબાબાએ એક પડીકું આપી કહ્યું, 'આમાં દવા છે' તેનો ઉપયોગ કરજે. નોકર ખૂશ થતો બહાર નિકળ્યો. ઘેર જઈ પેલું પડીકું ખોલ્યું - એમાં રૂપિયાની થપ્પી હતી. જુઠ્ઠું બોલી ઘેર આવેલો - નોકર ખૂબ રડ્યો - પાછો ગયો અને હાજીની માફી માગી. પછી તેનું હૃદય પરિવર્તન થઈ ગયું.

# કોંગ્રેસનું ભાવી અધ્ધરતાલ!

જેમ જેમ ઉત્તરપ્રદેશની ચૂંટણી નજીક આવતી જાય છે તેમ તેમ કોંગ્રેસ વધુને વધુ મૂંઝવણભરી સ્થિતિમાં મુકાઈ રહી છે. સ્થાનિક શાસક પાર્ટી-સમાજવાદી પાર્ટીમાં કૌટુંબિક કલહ હોવા છતાં યુવાન મુખ્યમંત્રી અને મહત્ત્વાકાંક્ષી વરિષ્ઠો વચ્ચે આછુંપાતળું સમાધાન ગોઠવાઈ ગયું છે. પાર્ટીના પ્રદેશ અધ્યક્ષની જવાબદારી સંભાળતા શિવપાલ યાદવે જાહેરમાં પોતે પાર્ટી માટે સર્વોચ્ચ બલિદાન આપતા રહ્યા હોવાના રોદણાં રોયાં છે, એટલું જ નહીં - એમણે પોતે કયારેક મુખ્યમંત્રીપદના દાવેદાર નહીં હોય એની પણ ખાતરી આપીને મુલાયમસિંહને નિશ્ચિત કરી દીધા છે. મહાગઠબંધનમાં કોના માટે કેટલી બેઠકો છોડવી, તેનો નિર્ણય પણ મુલાયમસિંહ પર છોડવામાં આવ્યો છે. મહાગઠબંધનમાં કોના માટે કેટલી બેઠકો છોડવી, તેનો નિર્ણય પણ મુલાયમસિંહ પર છોડવામાં આવ્યો છે. કફોડી હાલત હોય તો કોંગ્રેસની છે. માયાવતીનો હાથી એની પોતાની જ ગતમાં ચાલ્યા કરે છે, પણ છેલ્લે ભાજપની રાષ્ટ્રીય નેતાગીરીએ જે પ્રચાર ઝુંબેશ અને જ્ઞાતિ સમીકરણો ઊભાં કર્યાં છે એમાં માયાવતી પણ બાજુએ ધકેલાઈ જાય એવી શક્યતા છે. કોંગ્રેસને તો પ્રાદેશિક પાર્ટીઓ કે ભાજપ લેખામાં જ લેવા તૈયાર નથી. જાણે એના નામનું નામું જ લખાઈ ગયું હોય હરીફાઈ હોય તો ભાજપ અને સ્થાનિક બે રાજકીય પરિબળો માયાવતી અને મુલાયમ વચ્ચે જ હોય એવું વાતાવરણ સરજાઈ રહ્યું છે. કોંગ્રેસ માટે આ જીવ સટોસટની લડાઈ હતી - એ એના ભાવી અસ્તિત્વનાં એંધાણ નક્કી કરવાની હતી. એથી જ હજી સુધી નહીં ઊતરેલું હુકમનું પાનું - પ્રિયંકા ગાંધીને લોકલાગણીને માન આપી મેદાનમાં ઉતારવાનો નિર્ણય કરાયો હતો. છેલ્લા અખબારી અહેવાલો મુજબ પ્રિયંકા ગાંધી પાર્ટીના વ્યૂહરચનાકાર પ્રશાંત કિશોરથી નારાજ છે. પ્રશાંત કિશોરે અગાઉ લોકસભાની ચૂંટણીમાં મોદીના ચૂંટણી તજજ્ઞ તરીકે સફળ કામગીરી બજાવી હતી; એ પછી ગત બિહાર વિધાનસભાની ચૂંટણીમાં તેઓ નીતીશકુમારના પેઈડ ઈલેકશન સ્ટ્રેટેજિસ્ટ હતા. નીતીશકુમાર અને લાલુ પ્રસાધે હાથ મિલાવ્યા એથી બિહારમાં મોદીનો વિજયરથ ખોટકાયો હતો. હવે તેઓ ઉત્તરપ્રદેશમાં મુલાયમસિંહ સાથે મહાગઠબંધન રચી ભાજપને માત આપવ માગે છે, પરંતુ દેખીતું છે કે તેના ગઠબંધનમાં કોંગ્રેસને ચૂંટણી જીત્યા છતાં સત્તામાં ફક્ત જુનિયર સ્તરની ભાગીદારી જ કરવા મળી શકે. પ્રિયંકા પોતાની શક્તિ મુલાયમસિંહના વંશની સત્તા જાળવી રાખવા ખરચે એટલાં ઉદાર નથી. ઉત્તરપ્રદેશમાં રાહુલ ગાંધીની ખાટલા પરિષદોનો ફિસાસ્કો થયો છે અને પાર્ટીનાં પ્રદેશ અધ્યક્ષ રહી ચૂકેલાં રીટા બહુગુણાએ ભાજપની કંઠી પહેલી લીધી છે. બ્રાહ્મણ વોટબેંક અંકે કરવા માટે પ્રિયંકા-શીલા દીક્ષિત અને રીટા બહુગુણાનો ત્રિવેદી સંગમ રચાયેલો તે તૂટી ગયો છે.

**તંત્રીસ્થાનેથી...**

મુખ્યમંત્રીપદનાં દાવેદાર તરીકે જેમનું નામ આગળ કરાયેલ છે તે શીલા દીક્ષિતનું મૂત્ર ગોત્ર પંજાબ છે. તેઓ ઉત્તરપ્રદેશના એક સમયના શક્તિશાળી બ્રાહ્મણનેતા ઉમાશંકર દીક્ષિતનાં પુત્રવધૂ હોવાના નાતે ઉત્તરપ્રદેશનું સુકાન સંભાળવા આગળ ધરાયાં ત્યારથી ભારે મૂંઝવણમાં મુકાયેલાં છે. તેઓ ઉત્તરપ્રદેશની ગ્રાઉન્ડ રિયાલિટી જાણે છે. મુલાયમસિંહ સાથે હાથ મિલાવવા જતાં આપોઆપ એમના બાહુબલી સમર્થકોનો પ્રચાર કરવો પડે તે ન તો શીલા દીક્ષિતને ઉચિત લાગે કે ન પ્રિયંકાને શોભે - બીજી તરફ રાહુલ ગાંધી હવે ઉત્તરપ્રદેશને પ્રતિષ્ઠાનો પ્રશ્ન બનાવ્યા વગર સંગઠન પર જ ધ્યાન કન્દ્રિત કરશે. સોનિયા ગાંધીની તબિયત નરમગરમ રહેતી હોઈ હવે પાર્ટી પાસે રાહુલને કમાન સુપરત કર્યા વગર બીજો રસ્તો જ નથી. ઉત્તરપ્રદેશનું સમરાંગણ મુલાયમ, માયાવતી અને રાહુલ ગાંધી - ત્રણેયના રાજકીય વજૂદની કસોટી જેવી આ ચૂંટણી સામે સૌથી મોટો પડકાર મોદી અને શાહની જુગલજોડીએ ઊભો કર્યો છે. એમના માટે પણ ઉત્તરપ્રદેશનો જંગ જીવતો અત્યંત જરુરી છે. કારણ કે એની હારજીત પરથી ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીમાં થનાર હારજીતનો સંકેત મળવાોન છે. કોંગ્રેસનું ભાવી અધ્ધરતાલ લટકી રહ્યું છે, એ દીવા જેવું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે.

# ગાંધીનગર સાહિત્યસભાને આંગણે સુઅવસર

ગાંધીનગર સાહિત્ય સભા અને ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે 'શાયર મરીઝ' ની શતાબ્દિ વંદના' ના સુઅવસરની ઉજવણી તા.૧૨-૧૧-૨૦૧૬ને શનિવારના રોજ સવારે ૧૦.૦૦ વાગે; કડી શિક્ષણ સંકુલ, બ્રહ્માણી કૃપા હોલ, ઘ-સાડા પાંચ, ગાંધીનગર ખાતે કરવામાં આવશે. આ પર્વમાં ગઝલવિદ્ રાજેશ વ્યાસ 'મિસ્કીન;, એસ. એસ. રાહી અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પ્રા. ડૉ. નીતિન વડગામા 'મરીઝ'ની ગઝલો વિશે પોતાના વિદ્વતાપૂર્ણ વકતવ્યોથી શ્રોતાજનોને રસતરબોળ કરશે. આ અવસરે ખાસ આમંત્રિત તરીકે ગુજરાતના ખ્યાતિ પ્રાપ્ત કવિ અને ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ જહા હાજર રહી અવસરને ઉજળો કરશે.'

●●●

'મહોબ્બતના દુઃખની એ અંતિમ હદ છે,
મને મારી પ્રેમાળ મા યાદ આવી' - મરીઝ

●●●

વૃતસંચય

નૂતનવર્ષના પ્રારંભે ગુજરાત સાહિત્ય અકાદમી અને 'સંવેદના સમાજ સામયિક'ના સંયુક્ત ઉપક્રમે 'દલિત સાહિત્ય અને સમરસતા' તેમજ 'ગુજરાતી' સાહિત્ય અને વંચિતો' વિષયો પર એક પરિસંવાદનું આયોજ તા. ૧૨ મી નવેમ્બર, ૨૦૧૬ને શનિવારના રોજ સવારના ૧૦.૦૦ કલાકે, ઓડિટોરિયમ જીએસએસ કૉલેજ, લો ગાર્ડન, નવરંગપુરા, અમદાવાદ ખાતે કરવામાં આવ્યું છે. આ પર્વના અધ્યક્ષ સ્થાને ભૂપેન્દ્રસિંહજી ચુડાસમા (શિક્ષણ મંત્રી) બિરાજશે. ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ જહા અતિથિ વિશેષ તરીકે સ્થાન શોભાવશે, જયારે પરિસંવાદની ભૂમિકા કિશોર મકવાણા (પ્રકાશક - સંવેદના સમાજ સામયિક) બાંધશે.

આ પરિસંવાદ પર્વના પ્રથમ સત્રમાં 'ગુજરાતી સાહિત્ય અને વંચિતો' વિષયના ઉક્તાઓ અશોક ચાવડા અને દલપત પઢિયાર રહેશે. અને રાઘવજી માધડ અધ્યક્ષસ્થાન દિપાવશે. જયારે દ્વિતીય સત્રમાં 'દલિત સાહિત્ય અને સમરસતા' વિષયના વકતવ્ય સમયે શ્રીમાધવ રામાનુજના અધ્યક્ષસ્થાને લતા હિરાણી અને ડૉ. મોહન પરમાર વકતવ્ય આપશે.

શબ્દ દ્વારા સંવેદના અને સમરસતાની અભિવ્યક્તિના આ સાહિત્યિક પર્વમાં સહભાગી થવા 'સંવેદના સમાજ સામયિક'ના તંત્રી અનીતા પરમાર અને અકાદમીના મહામાત્ર મનોજ ઓઝા દ્વારા ભાવભીનું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

●●●



## સાહિત્ય વૃત્ત

મૂળજીભાઈ પરમાર 'દધિ'

મહારાષ્ટ્ર રાજયમાં ગુજરાતી સાહિત્ય-કલા-સંસ્કૃતિ ક્ષેત્રે આપેલા દીર્ઘકાલીન અને માતબર પ્રદાન માટે મહારાષ્ટ્ર રાજય ગુજરાતી સાહિત્ય અકાદમી દ્વારા અપાતો, ૨૦૧૫નો 'જીવન ગૌરવ પુરસ્કાર' ભારતીય વિદ્યાભવન કલા કેન્દ્ર (ચોપાટી - મુંબઈ) ને એનાયત કરવામાં આવ્યો; જે પુરસ્કાર કલાકેન્દ્રના ડાયરેક્ટર ઑફ પ્રોગ્રામ્સ - કમલેશ મોતાએ સ્વીકાર્યો હતો.

ભારતીય વિદ્યાભવનના પ્રમુખ સુરેન્દ્રલાલ જી. મહેતા લિખિત પુસ્તક 'રિચ ટ્રેડિશન રિચર હેરિટેજ' નું હૈદરાબાદ સ્થિત ભવન્સ સભાગૃહમાં રામકૃષ્ણ મઠની વિવેકાનંદ ઈન્સ્ટિટયૂટ ઑફ હ્યુમન એક્સેલન્સના નિર્દેશક પૂજય સ્વામી બોધમયાનંદજીના હસ્તે વિમોચન કરવામાં આવ્યું. આ પુસ્તકમાં સમાવિષ્ટ ૧૪૮ લેખોનો સમાવેશ થયેલ છે, જે વિશ્વકોશ કક્ષાની માહિતી છે, જે લેખકનો આપણા સમૃદ્ધ વારસા અને સમકાલીન ઘટનાઓ સાથેનો અનુબંધ દર્શાવે છે. તેમાં મૂલ્યો, પરંપરા, સંસ્કૃતિ અને શિક્ષણને મહત્ત્વ આપવામાં આવ્યું છે. મુખ્ય મહેમાન તરીકે નિવૃત્ત આઈએએસ અધિકારી આઈ.વાઈ.

**અનુસંધાન પાના નં. ૭ પર**

# પિતાના હત્યારાનેય ફાંસીનો વિરોધ કરનારને જ અમે 'મહાત્મા' ગણીએ છીએ

મોટા માણસના દીકરા હોવામાં લાભ પણ છે ને ગેરલાભ પણ છે - મુ.શ્રી નારાયણભાઈ દેસાઈ તેમના પુસ્તક 'મને કેમ વીસરે છે?' માં 'ગાંધીના દીકરાઓ' - વિષય ઉપરના લેખની શરુઆત જ આ વાક્યથી કરે છે. નારાયણ દાદા એ પછી લખે છે લાભ એ કે એમાં અનાયાસ અનેક મોટા માણસોની સત્સંગતિ લાધી રહે. ગેરલાભ એ કે દીકરાની સરખામણી બાપ જોડે થાય અને એમાં જો એ જરાય ઊણો ઊતરે તો



લોકોની નજરમાંથી ઊતરી જાય.

ગાંધીજીના ચારેય પુત્રોને આવો લાભ અને ગેરલાભ મળ્યો હતો. ગાંધીજીના ચાર પુત્રો હરિલાલ ગાંધી, મણિલાલ ગાંધી, રામદાસ ગાંધી અને દેવદાસ ગાંધી હતા. આ ચારેય દીકરાઓ પૈકી મોટાભાગના લોકો મહદઅંશે ગાંધીના સૌથી મોટા દીકરા હરિલાલ ગાંધીનો વધતો ઓછો પરિચય છે. હરિલાલ ગાંધીના જીવનપ્રસંગોના પરિણામે ઘણીવાર એટલે સુધી પણ લોકો વાત કરે છે કે ગાંધીજીને પોતાના પરિવાર સાથે કેમ વર્તવું એ આવડ્યું નહીં. હરિલાલ ગાંધીનું આત્મકથાત્મક 'પ્રકાશનો પડછાયો' પ્રસિદ્ધ થયું એ પછી સમીક્ષકોએ એમ પણ લખ્યું કે 'એક રાષ્ટ્રનો પિતા બની શકનાર મહાત્મા એક પુત્રનો પિતા કરારેય ન બની શક્યો.' ગાંધીજી બીજાઓ વિષે ખાસ કુસુમ જેવા કોમળ હતા. પરંતુ પોતાની જાત સાથે વજ્રથી પણ કઠોર હતા. નારાયણભાઈ લખે છે. 'આખી દુનિયાને પોતાનો પરિવાર બનાવવા મથનાર મહાત્મા પાસે પોતાના દીકરાઓ સારું સમય જ ન હતો. (જેટલો આપી શકાય એટલો સમય ગાંધીજીએ આપ્યો જ હતો.) આ ઉપરાંત બીજું કારણ તેઓ એવું દર્શાવે છે કે 'એમણે સૌ દીકરાઓને બાળકર્મી નહીં, પણ આપકર્મી બનાવવા ઈચ્છ્યું હશે. ગાંધીજી સૌને સ્નેહ અને કાળજી આપી રહેતા પણ કોઈ કોઈ દિશામાં કેટલો આગળ વધે એની જવાબદારી તેઓ સૌ કોઈની પોતાની ઉપર છોડતા -' એમ નારાયણભાઈ લખે છે.

આજના લેખમાં જુહુના દરિયા પર ગાંધીજી લાકડીથી ઠેલે અને આગળ આગળ એક નાનકડો છોકરો દોડે છે એ વિખ્યાત ચિત્રમાં જે છોકરો છે એ કનુ ઉર્ફે કાન્હાનું. અવસાન સુરત ખાતે તાજેતરમાં થયું

## મૃત્યુશય્યાએ પડેલા રામદાસ ગાંધીને પગે લાગતા ગોપાલ ગોડસેની અંજલિ

છે એમના પિતાશ્રી રામદાસભાઈ ગાંધીની વાત કરવી છે.

ગાંધીજીના ત્રીજા ક્રમના આ પુત્ર રામદાસે કોઈક જગ્યાએ નોકરી કરીને એમનો આશ્રમ 'ગૃહસ્થાશ્રમ' ચલાવ્યો હતો. પણ બાપુના આશ્રમ અને બાપુની પ્રવૃત્તિ સાથે જોડાયેલા રહ્યા હતા. જેલમાં પણ તેઓ અવારનવાર ગયા હતા. એકવાર યરવડા મંદિરમાં રામદાસભાઈ અને ગાંધીજી સાથે જેલમાં હતા. બાપુના પુત્ર હોવાં છતાં બીજી સત્યાગ્રહીઓને જો બાપુ જોડે મુલાકાત ન મળી શકે તો પોતાને પણ એ સવલત ન મળવી જોઈએ એવા આગ્રહ રાખીને તેમણે બાપુ સાથેની મુલાકાતનો લાભ જતો કરેલો. અરે જેલમાં સત્યાગ્રહીઓએ કેમ વર્તવું? - એની બાપુએ આપેલી સુચનાનું પાલન તેઓ અચૂક કરતા હતા. ગાંધીના દીકરા તરીકે એમને જેલમાં કે બહાર જરુર સન્માન મળી શકે એમ હતું પણ તેઓ આગ્રહપૂર્વક એક સાધારણ નાગરિક તરીકે રહેતા હતા.

રામદાસભાઈ ગાંધી અને તેમના પત્ની નિર્મળાબેન પણ પતિની જેમ જ ગાંધી પરિવારના સદસ્ય તરીકેનો કોઈ ખોટો લાભ લેવામાંથી જાતને દૂર રાખતા હતા. નિર્મળા રામદાસની એક વાત અહીં નોંધવા જેવી છે. દિલ્હીમાં રાજઘાટ ખાતે મહાત્મા ગાંદીની સમાધિ પર અખંડ દીવો પ્રજ્વલિત રાખવામાં આવ્યો છે. આની સામે નિર્મળા ગાંધીએ સૌમ્ય વિરોધ નોંધાવ્યો હતો. એમનું કહેવું હતું કે 'રાષ્ટ્રની ઝીણામાં ઝીણી સંપત્તિનો ખ્યાલ રાખનાર ગાંધીજીની યાદમાં આમ અખંડ દીવો બાળવાનો ખર્ચ કરવો એ ગાંધીજીના આત્માને સંતોષ ન આપે.'



## ગાંધી ૧૦૦

ડો. રાજેન્દ્ર જાની

વર્ષો પૂર્વે મધ્યપ્રદેશમાં ઉચ્ચ સરકારી અધિકારી તરીકે સેવા આપનાર અને રાજયસભાના સભ્ય રહી ચૂકેલા છે એવા રામદાસ ગાંધીના સૌથી મોટા દીકરા સુમિત્રા કુલકર્ણીએ તેમના પિતા રામદાસ ગાંધીની ઉજ્જવળ ચરિત્રની એક વાત કરી હતી. રામદાસભાઈ ત્યારે જીવનના અંતિમ તબક્કામાં હતા. છેલ્લી પથારીવસ હતા. તબીબોએ પણ અંતિમ સમયમાં તેમને ખલેલ ન પહોંચે માટે ખબર કાઢવા આવનારાઓ માટે મનાઈ ફરમાવી હતી. તેમ છતાં બહુ ભીડ આવતી હતી. આ ભીડમાં આવેલા બે જણાંએ રામદાસભાઈને જોવાની માંગણી કરી પણ સુમિત્રાબહેને ડૉકટરની ના હોવાની વાત કરી. પેલા બે પૈકી એકે કહ્યું : 'પરંતુ અમારે માત્ર દર્શન જ કરવા છે.' એની પણ ના પાડવામાં આવી ત્યારે બે પૈકી બીજા ભાઈ બોલ્યા : 'મારું નામ ગોપાલ ગોડસે.' સુમિત્રાબેન કહે છે એમને પણ પહેલી વાર તો ના પાડી દીધી. પણ પછી ગોડસે શબ્દનો અર્થ તેમને ધ્યાનમાં આવ્યો તેમણે પાછા બોલાવ્યા. સુમિત્રાબેન કહે છે 'એમને પૂછ્યું તો ખબર પડી કે એ નાથુરામ ગોડસેના ભાઈ હતા અને એ જ અરસામાં જેલમાંથી છૂટીને આવ્યા હતા.'

નારાયણભાઈ 'ગાંધીના દીકરાઓ' માં વર્ણન આ મુજબ કરે છે. 'મૃત્યુશય્યા પર પોઢેલા રામદાસભાઈ ગાંધીના પગ પાસે જઈને ગોપાલ ગોડસેએ નમન કર્યું.' એમણે કહ્યું, 'લોકો ભલે ગાંધીજીને 'મહાત્મા' કહેતા, અમે તો આપને જ 'મહાત્મા' ગણીએ છીએ. પોતાના પિતાની હત્યા કરનારને ફાંસી ન અપાવી જોઈએ એમ તો કોઈ મહાત્મા જ કરી શકે.'

- ગાંધીજીના મરણ પછી એમના ખૂનીને ફાંસી ન થવી જોઈએ એવો આગ્રહ રાખનાર પૈકી રામદાસ ગાંધી પણ હતા એ વાતને સ્મરીને ગોપાલ ગોડસે રામદાસભાઈને પગે લાગવા આવ્યા હતા.

આજે જયારે નેતાઓના દીકરા હોવું એ ઘટનારૂપ બની ગયું છે ત્યારે ગાંધીજીનો એ બાબતનો આદર્શ કેવો હતો એનું દાખલારૂપ જીવન રામદાસ ગાંધીએ જીવી બતાવ્યું હતું.

સંદર્ભ : 'ગાંધીજીના દીકરાઓ' પ્રકરણમાંથી પુસ્તક : મને કેમ વીસરે રે ?

લેખક : નારાયણ દેસાઈ, બાલગોવિંદ પ્રકાશન, અમદાવાદ.

**(લેખક સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)**

# દેવ દીવાળીના પાવન પર્વે શ્રીમદનું સ્મરણ

વીસમી સદીના યુગપુરુષ તરીકે સમગ્ર વિશ્વ જેમના વિચારોનો આદર કરે છે તેવા મહાત્મા ગાંધી લખે છે :

'મારી ઉપર ત્રણ વ્યક્તિઓએ ઊંડી છાપ પાડી છે. તેમાં ટોલ્સટોય, રસ્કિન તથા રાયચંદભાઇ (શ્રીમદ્ રાજચન્દ્ર) નો સમાવેશ થાય છે... રાયચંદભાઇ સાથેના સંબંધથી હું શાંતિ પામ્યો. હિન્દુ ધર્મમાં મને જે જોઈએ તે મળે તેમ છે એવો વિશ્વાસ બેઠો.'

દેવ દીવાળીના દિવસે ૧૮૬૭ માં રાજકોટ જિલ્લાના વવાણીયા ગામે જન્મેલા શ્રીમદ રાજચન્દ્રની સ્મૃતિ થાય છે. શ્રીમદની સ્મૃતિ જેમને પણ થાય છે તેમને શ્રીમદના ઉત્તમ વિચારોમાંથી શાંતિ અને સમતાની અનુભૂતિ થાય છે. આવી શાંતિ ખરીદી શકાતી નથી. ધન કે સત્તાના જોરે પણ પ્રાપ્ત કરી શકાતી નથી. પરંતુ શ્રીમદના શબ્દોથી તેની લીલીછમ્મ કૂંપળ ફૂટે છે જેની પ્રતિતિ થયા સિવાય રહેતી નથી. ગાંધીજીએ શ્રીમદ રાજચન્દ્રની તેમના મન પર પડેલી છબી અંગે અનેક જગાએ વિચાર વ્યક્ત કર્યો છે. શ્રીમદને મળ્યા પછી ગાંધીજીને એ વાતની પુનઃ પ્રતિતિ થઈ કે સ્મરણશક્તિ નિશાળમાં નથી વેચાતી. તેજ રીતે જ્ઞાન પણ જિજ્ઞાસા હોય તો નિશાળની બહાર પ્રાપ્ત કરી શકાય છે. મહાત્માનું આ તારણ સત્યની સમિપે રહેલુ છે. એકલવ્ય નિષ્ઠા તથા જિજ્ઞાસા થકીજ અર્જુનને પણ દૂર્લભ હતું તેવું કૌશલ્ય પ્રાપ્ત કરી શક્યો હતો. મુમુક્ષુવૃત્તિ કેળવીને જીવનમાં ઉન્નતિને માર્ગે ચાલવું સંભવિત છે તે વાતની ઠોસ પ્રતિતિ શ્રીમદ્ તથા ગાંધીજીના જીવનમાં જોઈ શકાય છે. પૂ. રવિશંકર મહારાજે લખ્યું છે તેમ શ્રીમદ રમણ મહર્ષિ જેવા યોગીની હરોળમાં નાની વયે પહોંચી ગયા હતા. ગાંધીજીને શ્રીમદમાં સમ્યક્ દર્શનનો અનુભવ થયો હતો. શ્રીમદના વિચારોમાં જૈન તત્વજ્ઞાનનું પ્રભુત્વ જરૂર રહેતું પરંતુ તમામ દર્શન પરત્વે તેમને આદર હતો. ગાંધીજી શ્રીમદનું બહોળું શાસ્ત્રજ્ઞાન, શુદ્ધ ચારિત્ર્ય તથા આત્મદર્શન કરવાની શ્રીમદની નિરંતર ધગશથી પ્રભાવીત થયા હતા. નિષ્કામ કર્મયોગનું ઉત્તમ ઉદાહરણ એ શ્રીમદનું જીવન હતું. શ્રીમદ મોટો વેપાર ખેડતા, હીરામોતીની પરખ એ પણ તેમની સાહજિક સૂઝ હતી અને વેપારની અનિવાર્ય આંટીઘૂંટીઓ પણ ઉકેલતા પરંતુ આ તમામ પ્રવૃત્તિએ શ્રીમદની પૂર્ણ ઓળખ બની શકતી નથી. તેમની ખરી ઓળખ તો તેમના આત્મદર્શનની સતત રટણામાં રહેલી હતી. ગાંધીજીએ શ્રીમદ પરના એક પ્રવચનમાં આપણું માર્ગદર્શન કરેલું છે. ગાંધીજી કહે છે કે, શ્રીમદ તરફ જેમને આદરભાવ હોય તેમણે તેમના વિચારોનું અનુકરણ કરીને પોતાના વર્તન થકી તેનું નિદર્શન કરવું જોઈએ. સકળ સૃષ્ટિના કલ્યાણની વાતો તેમજ તેના ઉપાયોનું સાંગોપાંગ દર્શન શ્રીમદની વાણી તેમજ તેમના પદોમાં પ્રગટ થયેલું છે. શ્રીમદના પદોમાં આપણાં મધ્યયુગના સંતોની વાણીનું પ્રતિબિંબ ઝીલાય છે. શાસ્ત્રોની ગહન વાતો તેમાં સરળતા તથા સહજતાથી રજૂ થયેલી છે. સંતોના આવા ભગવદ દર્શનને કાળની કોઈ મર્યાદા નથી. સર્વ કાળે તે પ્રસ્તુત, પ્રાસંગિક તથા પથદર્શક છે.

દિવાળી- દેવદિવાળીના દિપોત્સવ સમયે શ્રીમદ રાજચન્દ્ર જેવા પ્રજ્ઞાવાન મહાપુરુષની સ્મૃતિ થવી સ્વાભાવિક છે. ખારા સમુદ્રમાં મોતી પાકે છે. જે ધરામાં નજીકમાંજ ખારા પાણી અફાટ વિસ્તરેલા છે તેવા પ્રદેશમાં પણ જેના હૈયામાં મીઠપનો મહાસાગર ઘૂઘવતો હોય તેવા મહાપુરુષો જન્મ ધારણ કરે છે. એક તરફ કચ્છ તથા બીજી તરફ સૌરાષ્ટ્ર હોય તેવા ઐતહાસિક પ્રદેશમાં જેમણે પ્રાણીમાત્રના કલ્યાણ માટે જન્મ ધારણ કર્યો હતો તેવા શ્રીમદ્ રાજચંદ્રનો જન્મ થયો હતો. કચ્છ – સૌરાષ્ટ્રની આ ઐતિહાસિક ભૂમિ ખરા અર્થમાં બહુરત્ના વસુંધરા છે.



## ક્ષણના ચણીબોર

વી. એસ. ગઢવી

અહીં આપણે જે મહાપુરુષની સ્મૃતિ વંદના કરીએ છીએ તે માળીયા (મીયાણાં) પાસેના એક નાના ગામ વવાણીયામાં બાળક રાજચંદ્રને પણ એક મૂંઝવણ ઊભી થઈ છે. મુઝવણમાંથી બાળમનમાં પ્રશ્ન થયો છે. બાળક જેને ઓળખે છે તેવા એક સ્નેહી – સ્વજનનું અવસાન થતાં આ મૃત્યુની ઘટનાને સમજવા મથતો બાળક દાદાજીને પૂછી બેસે છે : ''ગુજરી જવું એટલે શું ?''

ત્યારબાદ વવાણીયા ગામના પાદરમાંજ એક ઝાડ પર ચડીને બાળકે જોયું કે પરિચિત લોકોજ બાળક જેને સ્વજન તરીકે ઓળખે છે તેને ચિતા પર ગોઠવીને અગ્નિદાહ આપે છે. બાળી દેવાની આવી ક્રૂરતા પરિચિત લોકોજ કેવી રીતે કરી શકે ? શા માટે કરે ? મૃત્યુ શું છે તથા શા માટે છે ? રાજચંદ્રના બાળમનને આ પ્રશ્નો સતાવ્યા કરે છે. શ્રીમદ રાજચન્દ્ર પાછળથી વવાણીયાના આ પરિચિત જનના મૃત્યુના પ્રસંગને ટાંકીને કહે છે કે બાળસહજ કૂતુહૂલતામાંથી ઉદભવેલા આવા પ્રશ્નો થકી તેમની જ્ઞાનયાત્રા શરૂ થાય છે અને દેહોત્સર્ગ સુધી અવિરત ચાલતી રહે છે. એક સામાન્ય બાળ સહજ જીજ્ઞાસામાંથી જગત કલ્યાણની એક નવી દિશાના દ્વાર ખુલે છે તે અસામાન્ય ઘટના છે. આ કલ્યાણમયી યાત્રાનો લાભ કોઈપણ પ્રકારના ભેદભાવ સિવાય સમગ્ર સમાજને અનેક વર્ષોથી મળતો રહેલો છે. આજે પણ શ્રીમદના વિચારો એટલાંજ મંગળમયી તથા પથદર્શક છે.

લઘુ વયથી અદભુત થયો
તત્વજ્ઞાનનો બોધ,
એજ સૂચવે એમ કે,
ગતિ – અગતિ કાં શોધ ?

શ્રીમદનો વિવેક તથા તેમની અસાધારણ આધ્યાત્મિક ઊંચાઈ તેમની વાણી તથા તેમના પદોમાં સ્પષ્ટ રીતે અનુભવી શકાય છે. ૨૪મા તીર્થંકર ભગવાન મહાવીરની ઉપાસના કરીએ ત્યારે આપણી શ્રધ્ધા તથા ભક્તિ અખંડ રહે તે માટે શ્રીમદના શબ્દો હમેશા માર્ગદર્શક બની રહે તેવા છે. શ્રીમદ્ રાજચન્દ્રના જ્ઞાનનો અગ્નિકૂંડ આજે પણ પ્રજ્વલિત છે. સ્વ તરફની યાત્રાનું ડગલું તો આપણે વ્યક્તિગત રીતેજ ભરવું પડશે.

દીવો રે દીવો પ્રભુ મંગલિક દીવો,
શ્રીમદ્ સદગુરૂ શાશ્વત જીવો.